**૧૯૩૦, માનસિક રોગની હોસ્પિટલ - મરોલી**

**૧૯૫૪, આશ્રમશાળા - ચાસવડ**



**૧૯૫૬, આશ્રમશાળા - કેવડી અને આંબાવાડી**



**૧૯૩૨, દવાખાનું - ચાસવડ**
**૧૯૫૭, દવાખાનું - કેવડી**




**૧૯૫૮, આશ્રમશાળા - મરોલી**



**૧૯૬૧, કુમાર અને કન્યા છાત્રાલય**



**૨૦૧૩, વ્યસન મુક્તિ કેન્દ્ર**

# ભવ્ય ભૂતકાળ



સરદાર વલ્લભભાઈ પટેલ



પૂજ્ય કસ્તુરબા



કુમારી મીઠુબેનપીટીટ



શ્રી કલ્યાણજીભાઈ મહેતા

આશ્રમનાં બીજ, સને ૧૯૩૦ ના નમક સત્યાગ્રહ વખતે નંખાઈ ગયાં હતાં. મીઠુબેન પીટીટ, મુંબઈના ધનાઢ્ય પારસી પરિવારમાં જન્મેલાં, પોતાની બધીજ ધન દોલત ત્યજી મહાત્મા ગાંધી સાથે આઝાદીની ચળવળમાં જોડાયાં હતાં.

કલ્યાણજીભાઈ મહેતા, એક અગ્રણી ખેડૂત અને સ્વાતંત્ર્ય સેનાની. પોતાની બધી જ મિલકત રાષ્ટ્રને સમર્પિત કરી, બાપુએ ચીંધેલા માર્ગ ઉપર દેશ સેવાના કામમાં લાગી ગયા. ગુજરાતની ગરીબ અને ગ્રામીણ પ્રજાના ઉત્થાન માટે મીઠુબેન (માઈજી) અને કલ્યાણજીભાઈ (કાકા) સાથે કામ કરવા લાગ્યાં. તેમણે નિર્ભય થઈ દારૂની દુકાનો બંધ કરાવી અને ગ્રામિણ પ્રજાને દારૂની લતમાંથી મુક્ત થવા પ્રોત્સાહિત કર્યા. આ ભગીરથ કાર્ય પૂર્ણ થયા બાદ માયજી અને કાકા ને કામ બંધ નહીં કરવા લોકો એ અરજ કરી. ગ્રામજનોએ પોતાની જમીન આશ્રમ ચાલુ કરવા માયજીને સમર્પિત કરી. આ રીતે કસ્તૂરબા સેવાશ્રમ કાર્યરત થયો. મૂળભૂત રીતે સર્વગ્રાહી બદલાવ લાવવાના હેતુથી આશ્રમ ૧, ડીસેમ્બર ૧૯૩૦ ના રોજ ચાલુ થયો જે આજે પણ કાર્યરત છે.

આ ઐતિહાસિક આશ્રમના પ્રથમ પ્રમુખ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ સ્થાપક ટ્રસ્ટીઓ જેવા કે કુમારી મીઠુબેન પીટીટ, શ્રી કલ્યાણજીભાઈ મહેતા અને શ્રી મંગળદાસ પકવાસા હતાં. માયજીએ પણ તેમના છેલ્લા શ્વાસ સુધી આશ્રમની સેવા કરી અને પારસી ધર્મના અપવાદ રૂપે તેઓને મરોલી આશ્રમમાં જ દફનાવવામાં આવ્યાં હતાં.

તમે જે પરિવર્તન ચાહો છો
તેવા તમારે બનવું જ જોઈએ.

— મહાત્મા ગાંધીજી



## આશ્રમના આદરણીય મુલાકાતીઓ

- ડૉ. રાજેન્દ્રપ્રસાદ - ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ
- શ્રી જવાહરલાલ નહેરુ - ભારતના પ્રથમ વડાપ્રધાન
- શ્રી મંગળદાસ પકવાસા - મધ્યપ્રદેશના પ્રથમ ગર્વનર
- ડૉ. જીવરાજ મહેતા - ગુજરાતના ભૂપપૂર્વ મુખ્યપ્રધાન
- શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ - વડોદરાના મહારાજા
- શ્રી નવલ ટાટા - ટાટા ગ્રુપના ભૂતપૂર્વ પ્રમુખ
- પૂજ્ય મોટા - આધ્યાત્મિક ગુરુ (હરિજન સેવક ગાંધી ભક્ત)
- બાબુભાઈ પટેલ - ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન
- બુટાસિંગ - ભૂતપૂર્વ ગૃહ પ્રધાન
- પૂજ્ય મોરારી બાપુ - રામાયણના કથાકાર
- શ્રી રવિશંકર મહારાજ - મૂક સેવક અને ગુજરાત રાજયના ઉદ્‌ઘાટક
- શ્રી મોરારજી દેસાઈ - ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન
- શ્રી અબ્દુલ ગફારખાન - સરહદના ગાંધી

**તમારી મુલાકાત અમારો ઉત્સાહ વધારશે. કૃપા કરીને તમારા આગમનની તારીખ અને સમય કાર્યાલયને જણાવવા વિનંતિ.**




**કસ્તુરબા સેવાશ્રમ**
**મરોલી** સન ૧૯૩૦
Trust Reg.: Navsari E-136

મરોલી રેલ્વે સ્ટેશનની સામે, મુ. પો.: મરોલી,
તા.: જલાલપુર,જિલ્લોઃ નવસારી - 396 436
ગુજરાત, ભારત

ફોન : +91 - 2637 - 273555
મોબાઈલ : +91 94264 90849
ઈમેલ : kasturbassm@yahoo.in
info@kasturbasevashram.org



a fulstop design 9825341610


www.kasturbasevashram.org

# કસ્તુરબા સેવાશ્રમ

**મરોલી** સન ૧૯૩૦





શિક્ષણ અને કેળવણી

આરોગ્ય

ખેતી





"મીઠુબેન! મારી પાસે શિલાન્યાસ કરાવો છો તેની જવાબદારી સમજો છો ને?"

"હા, બાપુ ! હું અહીંયાં જ દટાવાની છું."

મહાત્મા ગાંધીએ શિલાન્યાસ કર્યો ત્યારે આ સંવાદ થયો હતો

# અને આજે પણ છે
# એ જ અડોલ ઉત્સાહ

સ્વાગત છે આપનું કસ્તૂરબા સેવાશ્રમમાં! ભારતમાં સૌથી જૂના આશ્રમોમાંનો આ એક આશ્રમ છે. એનો હેતુ સમાજસેવા કરવાનો જ છે.

અહીં બાળકો મધમાખી જેવાં છે. કોઈ પણ પરિસ્થિતિમાં પોતાનો મધપુડો છોડતાં નથી. તે જમાનાની આવશ્યકતાનુસાર એમને હાથસાળ. ભરતકામ, સીવણકામ વગેરેમાં ઘણો રસ હતો. આજની ગળાકાપ હરિફાઈના જમાનામાં શિક્ષણ એટલું બધું જરૂરી છે કે તેનાથી જ ગરીબોના જીવનમાં પાયાનું પરિવર્તન લાવી શકાશે. કસ્તૂરબા સેવાશ્રમમાં કોઈ પણ જાતની ફી લીધા વિના વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ આપવામાં આવે છે. એમનાં માટે કપડાં અને આરોગ્ય માટે સારવારની પણ પૂરી જવાબદારી આશ્રમ પાર પાડે છે. સામાજિક ઉત્થાન માટે કાર્યક્ષમ વ્યવહાર આચરણમાં મૂકવો જરૂરી છે. તેનાથી જ મજબૂત પાયા પર આદિવાસીઓનું અને મહિલાઓનું સશક્તિકરણ થશે. વંચિતો સુધી શિક્ષણ અને આરોગ્યની સગવડ પહોંચાડવાનો પડકાર અમારી સામે છે. અને એ જ અમારું મિશન છે.

કસ્તૂરબા સેવાશ્રમની પ્રવૃત્તિઓ મુખ્ય ત્રણ વિભાગમાં ચાલી રહી છે.

**બાલવાડીઓ અને બુનિયાદી તથા ઉત્તર બુનિયાદી શિક્ષણ :** આજે ૮૦૦ વિદ્યાર્થીઓ ચાર આશ્રમશાળાઓમાં એકથી દસ ધોરણ સુધીનો અભ્યાસ કરી રહ્યાં છે. ચાસવડ, કેવડી અને આંબાવાડીના આશ્રમો અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણ અને આરોગ્યની પ્રવૃત્તિ કરી રહ્યા છે. મરોલીનો આશ્રમ રેલ્વે સ્ટેશનની બાજુમાં છે. બધી પ્રવૃત્તિનું માર્ગદર્શન અને સંચાલન અહીંથી કરવામાં આવે છે.

શિક્ષણ અને કેળવણી

આરોગ્ય

ખેતી

**આરોગ્ય પ્રવૃત્તિઓ અને નશામુક્તિ કેન્દ્ર :** મરોલીમાં માનસિક દર્દીઓ માટે એક હોસ્પિટલ ચાલે છે. જે લોકો ૧૯૩૦ની દાંડીકૂચ વખતે મીઠાના અગરો પર જઈને લાઠીમારનો ભોગ બન્યા હતા તેને લીધે એમણે માનસિક સંતુલન ખોયું હતું. તેમને માટે અહીં સારવારનું કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું હતું, માયજીની પ્રેમભરી સેવાથી તેઓ સાજા થઈને જતા હતા. આજે આ વિભાગમાં નશામુક્તિ કેન્દ્રનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

આજના વર્તમાન ટ્રસ્ટીઓએ સુપ્રસિધ્ધ રાષ્ટ્રીય લોકેસવકોનો અણમોલ વારસો સાચવ્યો છે અને તેમાં વધારો પણ કર્યો છે. એમનો સખત પરિશ્રમ અને સમર્પણભાવ સેવાશ્રમને દાન અને અનુદાન મેળવી આપીને સંવેદનશીલ બનાવે છે. નવી પેઢીના નવયુવાન કાર્યકર્તાઓ આશ્રમ અને ચાર આશ્રમશાળાઓમાં આવક વધારવામાં અને બીનજરૂરી ખર્ચ ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

**મહિલાઓનું સશક્તિકરણ :** વળી આસપાસનાં ગામોની મહિલાઓને સીવણકામ શીખવીને આર્થિક આવક વધારી, પગભર કરી એમનું સશક્તિકરણ પણ કરવામાં આવે છે.

**ખેતી :** ચારેય કેન્દ્રોમાં કુલ ૧૩૦ એકર જમીન ખેતી તળે છે. એમાંથી ૭૦ એકર જમીન ટપક સિંચાઈ અને બોરવેલ હેઠળ છે. વિદ્યાર્થીઓને એમાંથી ખેતીની તાલીમ મળે છે. જમીનો સમતળ કરવામાં આવી રહી છે. વીજળીનું જોડાણ પણ મળ્યું છે.

છેલ્લાં પાંચેક વરસથી ખેતીમાં નોંધપાત્ર બચત થવા માંડી છે. મરોલીની જમીનના ફળાઉ ઝાડોમાંથી આવક થવા માંડી છે. આ આવકમાંથી કોર્પસ ફંડ ભેગું કરવાની મહત્ત્વાકાંક્ષા છે.

**૪ આશ્રમશાળાઓ**
૧ થી ૮ ધોરણની નિવાસી શાળાઓ
મરોલી, જિ. નવસારી
કેવડી, જિ. સુરત
ચાસવડ, જિ. ભરૂચ
આંબાવાડી, જિ. નર્મદા

**ઉત્તર બુનિયાદી આશ્રમશાળા**
માધ્યમિક ધોરણો માટે નિવાસી શાળા
કેવડી, જિ. સુરત

**કુમાર છાત્રાલય**
ઉચ્ચતર મા. વિદ્યાર્થીઓ માટે
મરોલી, જિ. નવસારી

**કન્યા છાત્રાલય**
ઉચ્ચતર મા. વિદ્યાર્થિનીઓ માટે
મરોલી, જિ. નવસારી

**ગીર ધેનું ગૌશાળા**
શુદ્ધ ગીર જાતિની ગાયની ગૌશાળા

વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર, વિજ્ઞાનની પ્રયોગ શાળા, પુસ્તકાલય, અંદર અને બહાર રમવા માટે રમતગમતનાં સાધનો અને વિના મૂલ્યે રહેવા, જમવા તથા ગણવેશ માટેની સગવડ.

વિદ્યાર્થીઓને પગભર થવા માટે ખેતીની પ્રત્યક્ષ તાલીમ આપીએ છીએ. શિક્ષણ બાહ્ય પ્રવૃત્તિઓ માટે કાર્યશાળાઓનું સંચાલન કરીએ છીએ. અમે સમયાંતરે આરોગ્ય ચિકિત્સા કરાવીએ છીએ. સ્વચ્છતા અને સફાઈ માટે નિયમિત તાલીમ આપીએ છીએ.

**મેન્ટલ હોસ્પિટલ**
૧૫ પથારી અને ૧૦ નિવાસો

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર**
કેવડી, જિ. સુરત
ચાસવડ, જિ. ભરૂચ

**વ્યસન મુક્તિ કેન્દ્ર**
મરોલી, જિ. નવસારી

**પ્રધાનમંત્રી જન ઓષધિ સ્ટોર**
મરોલી, જિ. નવસારી

**ખેતી માટે સિંચાઈની જમીન**
મરોલી - ૧૦ એકર
ચાસવડ - ૪૫ એકર
કેવડી - ૨૦ એકર
આંબાવાડી - ૫૦ એકર

**સિંચાઈની જમીનમાં**
૭૦ એકર સિંચિત જમીન
૩૫ એકરમાં ટપક સિંચાઈ

**કૃષિ તાલીમ**
માધ્યમિક વિદ્યાર્થીઓ માટે.

વિદ્યાર્થીઓને પોતાની જમીનમાં ખેતી કરી પગભર થવા માટેનું શિક્ષણ. ટપક સિંચાઈની તાલીમ અને ગ્રીન હાઉસની ખેતી.

કૃષિનું ઉત્પાદન બજારમાં વેચવા માટે નહીં પણ વિદ્યાર્થીઓના દૈનિક ભોજન માટે.













## આશાસ્પદ ભાવિ

અહીં ભણતાં બાળકોના ઉજ્જવળ ભાવિ પર અમે મીટ માંડી છે. આપણાં ઘણાં વિદ્યાર્થીઓ શિક્ષણ લીધા પછી પોતાની કારકીર્દિની સર્વોચ્ચ ઊંચાઈએ પહોંચીને અમલદારો બન્યા છે અને ધંધાદારી સફળતા મેળવી છે. કેટલાક સફળ શિક્ષકો થયા છે. અમારો ઉદ્દેશ સતત એ રહ્યો છે કે વિદ્યાર્થીઓ શિસ્ત અને શિક્ષણ દ્વારા પોતાના ધ્યેય પ્રતિ દોટ મૂકે અને દેશના વધુ સારા, વધુ તંદુરસ્ત નાગરિક બનવાનું સ્વપ્ન જુએ.

શિક્ષણની ગુણવત્તા સુધારવા તરફ અમારી નજર છે. એમાં વિદ્યાર્થીઓને બહારની મદદ મળે, સલાહ અને આર્થિક ટેકો મળે તે જોવા અમે આતુર છીએ. જે વિદ્યાર્થીઓ આગળ ભણવા ન માગતા હોય તેમને ઔદ્યોગિક તાલીમ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ માં દાખલ થવાની પાત્રતા મેળવવા તૈયાર થવાની પ્રેરણા આપીએ છીએ. શિક્ષણના આ મંદિરમાં પગભર થવા માટે હરિયાળી ક્રાંતિ, સારું આરોગ્ય અને સ્વચ્છતા રહે તે માટે સરકારી અનુદાન દુર્ભાગ્યે ઓછું પડે છે. તેથી ઉદાર દાનવીરોએ આશ્રમને સમયનું અને સંપત્તિનું દાન, કાળજી ભર્યા પ્રેમથી એમની રીતે કરવા માંડ્યું છે.

**હવે આપને માટે કશુંક પ્રશંસા પાત્ર કરી બતાવવાનો સમય આવી ગયો છે. ગાંધીજીની આ ચિરંજીવ સ્મૃતિને એવી બનાવીએ કે લોકો આશ્રમના કેન્દ્રોની મુલાકાતે આવે ત્યારે જીવનની નવી પ્રેરણા લઈને જાય. આ દિશામાં આપનું એક ડગલું આ બુદ્ધિશાળી અને વ્હાલ ઉપજે એવાં બાળકોને ભવિષ્યમાં લાંબો કૂદકો મારવાની અદમ્ય શક્તિ આપશે.**

**આપનું દાન આયકર વિભાગના સેકસન ૮૦ જી હેઠળ કરમુક્ત છે.**